**DATE: 02/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# 3 હજારની તકરારમાં યુવાન પર હુમલો કરનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંદાડા ગામના તુલસી નગર ખાતે રહેતા અનિકેત સહાની તેના મિત્રો જોડે સોસાયટીના બાંકડા પર બેઠો હતો. દરમિયાન બાજુ માં આવેલ ક્રિષ્ણનગર ખાતે રહેતા વિકાસ યાદવ આવ્યા હતાઅને અનિકેત પાસે મેચમાં જીતેલા 3,000 રૂપિયાની માંગણી કરી હતી. બંને વચ્ચે વાતચીત ચાલતી હતી તે સમયે અનિકેતે મસ્તીમાં ધકકો મારતાં વિકાસ નીચે પડી ગયો હતો. ઉભા થઈને વિકાસે અનિકેતને પેટ અને છાતીમાં ચપ્પુ મારી દેતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટના બાદ ફરાર થઈ ગયેલાં વિકાસ યાદવને પોલીસે ઝડપીપાડયો છે.

**DATE: 02/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# નેત્રંગના અસનાવી ગામે મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

નેત્રંગ તા ૧

નેત્રંગ પોલીસ આગામી દિવસોમાં ગણેશ ચતુર્તીનો તહેવાર હોવાથી પોતાના બીટ વિસ્તારમાં પ્રોહિબિશન ,જુગારની પ્રવૃત્તિ કરતા શખ્સો પકડવા વોચમાં હતી.

## બૂટલેગર રાબેતા મુજબ ફરાર થયો

તે દરમિયાન બાતમીના આધારે અસનાવી ગામના ઝરીર ફળિયાના પ્રવિણ દેવસીગ વસાવાએ રાત્રે તેના જૂના ઘરની અડારીમાં વિદેશીનો જથ્થો લાવી સંતાડી રાખ્યો હતો.પોલીસે જગ્યા પર રેડ કરતા તાડપત્રી નીચે દારૂનો અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલો કુલ રૂ. ૮૪,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે બૂટલેગર રાબેતા મુજબ ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 02/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### ભરૂચ શહેર અને વાગરા વિસ્તારમાં

# ભાડુઆતની નોંધણી નહીં કરવાના ૧૦ કેસ નોંધાયા

ભરૂચ, તા. ૧

ભરૂચ શહેર તેમજ વાગરા વિસ્તારમાં ભાડુઆતોની નોધણી નહિ કરવાના જાહેરનામા ભંગના કુલ-૧૦ કેસો ભરુચ કરતી એસ.ઓ.જી. કરવામાં આવ્યા છે .

આગામી તહેવાર અંગે તકેદારીના ભાગરૂપે ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અનુસંધાને શહેરોમાં ભાડેથી મકાન કે દુકાનો રાખી શહેરોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ તેઓની અસામાજીક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભય જનક વ્યકિતઓની સચોટ માહિતી મેળવવા અને ગુનાખોરી નાબુદ કરવા ભરુચ પોલીસ અધિક્ષકની સુચના અને માર્ગદર્શનના આધારે એસ. ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. સ્ટાફ સાથે ભરૂચ શહેર તેમજ વાગરા વિસ્તારમાં અલગ અલગ ટીમો બનાવી ચેકિંગ કરતા મકાન, દુકાનો ભાડે આપી માલીક વહીવટકર્તાઓ એ દુકાન ભાડે આપ્યા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં માં ભાડુઆત અંગેની નોંધણી નહી કરનાર ભરુચ સી.ડિવિઝન પોલીસ મથકના ૪ અને વાગરા પોલીસ મથક વિસ્તાર ના ૬ મળી વિવિધ જાહેરનામા ભંગના કુલ-૧૦ કેસો દાખલ કરવામાં આવેલ છે.

**DATE: 02/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ઝઘડિયામાં પતિના લગ્નેત્તર સંબંધે થયેલા ઝઘડામાં પત્નિને માર માર્યો

ભરૂચઃ ઝઘડિયા તાલુકામાં પત્નીએ તેના પતિનો અન્ય મહિલા સાથે લગ્નેત્તર સંબંધ બાબતે પતિને કહેતા પતિએ તેને મારમારી પગ ભાંગી નાખ્યો હતો. ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના એક ગામમાં રહેતી હેમલતા (નામ બદલેલ છે)ને પતિનો અન્ય મહિલા સાથે છેલ્લા દસ વર્ષથી લગ્નેતર સંબધ હોવાની જાણ થતાં પતિ સાથે અનેક વખતે ઝઘડો અને મારઝૂડ થયા કરતી હતી, જેમાં જ કરે છે. શનિવારે થયેલી ઉગ્ર બોલાચાલીમાં પતિએ ઉશ્કેરાઈ જઈને હેમલતાને ઢોર માર મારી પગ તોડી નાંખ્યો હતો. જે અંગે મહિલાએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરીને મદદ માંગી હતી. તાત્કાલિક રેસ્ક્યુવાને સ્થળે પહોંચી મહિલાનો સારવાર અર્થે ખસેડી કાયદાકીય સમજ આપી હતી.

**DATE: 03/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી બે ખેપિયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

મહારાષ્ટ્રના નંદુરબારથી દારૂ લઈ અંકલેશ્વરના બુટલેગર ઉમેશ વસાવાના આપવા આવેલા બે ખેપિયા ને ઝડપી પાડ્યા હતા. નંદુરબારના ગુરુમુખ કોટવાની અને સંતોષ ગુમાને ની ધરપકડ કરી હતી. અને તેમની પાસે રહેલ બેગમાંથી દારૂની 50થી વધારે બોટલ અને બિયરના 48 ટીન મળી 26 હજારનો દારૂ તથા બે મોબાઈલ મળી 36 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બંને ખેપિયાઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બુટલેગર ઉમેશ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો છે.

# ભરૂચનાં ૭ શખસો નેત્રંગમાંથી દારૂના નશામાં રંગેહાથ ઝડપાયા

વડોદરા : ભરૂચ LCB દ્વારા નેત્રંગ તાલુકામાં ગતરોજ વહેલી સવારથી વાહન ચેકિંગ કામગીરી કરી રહ્યા હતા.જે દરમીયાન કારનો ચાલક પુરઝડપે-ગફ્લતભરી રીતે હંકારી લાવતા તેને રોકી તપાસ કરતાંચાલક નશાની હાલત હોવાનું માલુમ પડતા ભરૂચ LCB ટીમે અરટીકા ગાડીને કાર્ડન કરીને નેત્રંગ પોલીસ સ્ટેશમાં લઈ જવામાં આવી હતી. જેમાં ગૌતમ જીવન ડોડીયા (રહે.ભરૂચ), સચીન અશોક પટેલ (રહે.ભરૂચ), વિરલ દિનેશ રાણા (રહે.ભરૂચ), વિરલ નરેશ ગોહિલ (રહે. ભરૂચ), જીતેન્દ્ર રજનીકાંત રાણા (રહે. ભરૂચ), હરેશ મગન પાટણવાડીયા (રહે.ઝઘડીયા) અને વિશાલ કિશોર પુરોહિત (રહે.ઝઘડીયા) દારૂના નશામાં હોવાનું માલુમ પડતા ભરૂચ LCB ગુનો નોંધી કુલ રૂા.૬ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.


HAPPY BIRTHDAY



કાયરવ
પિતા :- નિતિન
માતા : કાજલ

**DATE: 03/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અમદાવાદના બોપલમાં ચોકીદાર તરીકે નોકરીએ લાગ્યો હતો

# અંકલેશ્વરમાં સિક્યુરિટી ગાર્ડની હત્યાનો આરોપી 5 વર્ષ બાદ અમદાવાદથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરમાં 2019 માં થયેલ સિક્યુરિટી ગાર્ડની હત્યાના ગુનામાં હત્યારા સિક્યુરિટી ગાર્ડને પોલીસે અમદાવાદથી ઝડપી પાડયો છે. આરોપી પોલીસને ચકમો આપી વિવિધ સ્થળોએ સિકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતો હોવાની વિગતો તેની પ્રાથમિક પૂછપરછમાં સામે આવી છે. અંકલેશ્વરના હાંસોટ રોડ ઉપર વર્ષ 2019માં સર્જન બંગ્લોઝની સાઈટનું કામ ચાલી રહ્યું હતું . જયાં અભિતેન્દ્રસીંગ ચંદેલ અને યોગેન્દ્ર સિંગઠાકુર બંન્ને સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતાં. ગત તા 16. નવેમ્બર 2019ના રોજ રાત્રી ના અરસામાં બન્ને વચ્ચે કોઈ કારણોસર ઝઘડો થયો હતો.આ ઝઘડામાં યોગેન્દ્રસિંગે ઉશ્કેરાઈ જઈ અભિતેન્દ્ર સીંગની માથામાં પથ્થરો મારી હત્યા કરી નાખી હતી. હત્યા બાદ તે ફરાર થઈ ગયો હતો. એ ડિવિઝન પોલીસે ટેકનીકલ એનાલીસીસ તથા હ્યુમન ઈન્ટેલીજન્સ દ્વારા મળેલી માહિતીના આધારે મૂળ મુંબઈ ના યોગેંદ્ર સિંગ ઠાકુરને અમદાવાદના બોપલ ખાતેથી ઝડપી પાડયો હતો. તેની પૂછપરછ કરતા તે મુંબઈમાં અલગ અલગ જગ્યાએ સીક્યુરીટીમા નોકરી કરતો હતો. છેલ્લા પાંચ મહિનાથી અમદાવાદના બોપલ ખાતે નવી બાંધકામ ની સાઈટ ઉપર સિક્યોરિટીતરીકે નોકરીએ લાગ્યો હતો. આરોપીને અંકલેશ્વર ખાતે લાવી વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. તેણે સાથી કર્મચારીની હત્યા કેમ કરી હતી તેની વિગતો પોલીસ મેળવી રહી છે.

**DATE: 03/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### શ્રાવણના અંતિમ દિન-સોમવારી અમાવસ્યાનો અનોખો સંયોગ

# કાવી કંબોઈ સ્થિત સ્તંભેશ્વર તીર્થધામ ખાતે શિવ ભક્તોનું મહેરામણ ઊમટ્યું

## ભક્તોની સુરક્ષા માટે પોલીસ તથા આરોગ્ય ટીમો તૈનાત કરાઈ હતી



| જંબુસર |

શ્રાવણ માસ ના અંતિમ દિને તથા સોમવારી અમાવસ્ય ના અનોખા સંયોગ વચ્ચે દક્ષિણ ગુજરાત ના સોમનાથ ની સુવિખ્યાત કાવી કંબોઈ સ્થિત સ્તંભેશ્વર તીર્થ ખાતે શિવ ભક્તો નું મહેરામણ ઉમટ્યું હોવા ના સમાચાર પ્રાપ્ત થયા છે.

જંબુસર તાલુકામાં આવેલા સ્તંભેશ્વર તિર્થ મહાદેવ ખાતે શ્રાવણ માસ ના અંતિમ દિને સોમવારી અમાવસ્યના અનોખા સંયોગ મા શિવભકતો નુ મહેરામણ શિવજી ના દર્શન અર્થે ઉમટી પડ્યુ હતુ.આ તીર્થનો ઉલ્લેખ શ્રી મહા શિવપુરાણ માં તથા અઢાર પુરાણોમાં સૌથી મોટા સ્કંદ પુરાણમાં વિસ્તારથી વર્ણવેલ છે તથા વિશ્વકર્માપુરાણમાં પણ મહીસાગર સંગમ તીર્થ નુ મહત્તમ દર્શાવેલ છે. સ્તંભેશ્વર મહાદેવ શિવલિંગ પર ચોવીસ કલાકમાં બે વખત દરિયાની ભરતી સાથે જલાભિષેક થઈ પાણીમાં સમાઈ જાય છે અને ઓટ આવતા ક્રમશઃ શિવલિંગના દર્શન થાય છે. આજે શ્રાવણ માસ ના અંતિમ દિવસે સવારથી જ કાવી કંબોઈ જતો માર્ગ શિવ ભક્તોથી ઉભરાઈ ગયો હતો.

સ્તંભેશ્વર તીર્થ ના પ.પૂ. વિધ્યાનંદજી મહારાજ ધ્વારા આશ્રમ ખાતે શિવભકતો માટે પ્રસાદીનું આયોજન કરવામા આવ્યુ હતુ. વિભાગીય પોલીસ અધિક્ષક પી. એલ ચૌધરીના માર્ગદર્શન હેઠળ કાવી પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર રોહીત ચાવડા દ્વારા કોઈપણ જાત નો અનિચ્છય બનાવ ન બને તે માટે ચાંપતો બંદોબસ્ત ગોઠવવા મા આવ્યો હતો. તેમજ મેડીકલ ટીમ પણ તૈનાત કરવામા આવી હતી.

**DATE: 04/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### બાઇક પરથી મહિલા પટકાતાં ટ્રક નીચે આવી જતાં મોતને ભેટી, 4 માસનું બાળક સલામત

# પોલીસે 4 જેક લગાવી ટ્રક ઉંચકી, મહિલાનો દબાયેલો પગ બહાર કાઢ્યો પણ જીવ ન બચ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જાંબુઆ ખાતે રહેતાં વિનોદ ડામોર તેમની પત્ની રેના તેમજ 4 મહિનાના સંતાન સાથે બાઇક પર સુરત જવા માટે નિકળ્યાં હતાં. દરમિયાનમાં અંક્લેશ્વર હાઇવે પરથી પસાર થઇ રહ્યાં હતાં. તે વેળાં રોડ પરના ખાડાઓને કારણે કે પછી પાછળ આવતી ટ્રકની ટક્કરથી કે અન્ય કોઇ કારણસર વિનોદ ડામોરે તેમનું સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતાં બાઇક પર પાછળ બેસેલી તેમની પત્નીનું સંતુલન નહીં રહેતાં નીચે પટકાઇ હતી. જ્યારે તેના હાથમાંથી 4 મહિનાનું બાઇક પણ ફેંકાઇ ગયું હતું. દરમિયાનમાં પાછળ આવતી ટ્રકનું ટાયર મહિલાના પગ પર ચઢી ગયું હતું. ઘટનાને પગલે ઊહાપો થતાં થોડે દૂર ટ્રાફિક નિયમનની કામગીરી કરતાં ટ્રાફિક પોલીસના પીઆઇ ભાવના મહેરિયા તેમજ તેમની ટીમ તુરંત ત્યાં દોડી આવી હતી. તેમણે જોતાં મહિલાનો એક પગ ટ્રકના પાછળના જોડિયા ટાયર નીચે દબાયેલો દેખાતાં તેમણે તુરંત એકશનમાં આવી આસપાસના અન્ય વાહનોમાંથી જેક કાઢી 4 જેકથી મદદથી ટ્રક ઉંચી કરી તેનો પગ બહાર કાઢ્યો હતો. બીજી તરફ પોલીસે ફેંકાઇ ગયેલાં 4 મહિનાના બાળકને ઉંચકી તેને સલામતીની હૂંફ આપી હતી. પોલીસે મહિલાનો જીવ બચાવવા માટેના તમામ પ્રયાસ કરી તેને તુરંત નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડી હતી.જોકે, ત્યાં તેનું મોત થયું હતું.



**DATE: 04/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ઝઘડિયાના રતનપોરની પ્રસિદ્ધ બાવાગોર દરગાહ પર બનેલી ઘટના

# માતાની બીમારી દૂર કરવાના બહાને બોલાવી પુત્રી સાથે દુષ્કર્મ, દરગાહના બાપુની ધરપકડ

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના રતનપોર ગામે આવેલી બાવાગોર દરગાહ જેવા ધાર્મિક સ્થળ ઉપર ગોરખધંધા કરતો બાપુનો ચહેરો પોલીસે બેનકાબ કર્યો છે. છેલ્લા એક વર્ષથી 24 વર્ષીય હિન્દુ યુવતીની માતાને માનસિક બિમારીમાંથી મુક્ત કરવાના બહાના હેઠળ દરગાહની રૂમમાં રાખી યુવતી સાથે શખ્સે દુષ્કર્મ આચર્યું હતું. ઘટનામાં ફરિયાદ નોંધાતાં દુષ્કર્મ ગુજારનાર બાવાગોર દરગાહના મુજાવર સકુબાવાની રાજપારડી પોલીસે ધરપકડ કરી છે.

ઝઘડિયાના બાવાગોર દરગાહ ખાતે ઇમ્યિતાયઝ ઉર્ફે સકુબાવા મહંમદનબી મુજાવર તરીકે કામ કરી બાવાગોર દરગાહ ખાતે રૂમમાં રહેતાં હતાં. દરમિયાનમાં એક વર્ષથી તેમની પાસે એક હિન્દુ યુવતી તેની માનસિક રીતે અસ્વસ્થ માતાની બિમારી દુર કરવા માટે બાવાગોર દરગાહ ખાતે જતી હતી. જોકે, દરગાહના મુજાવર ઇમ્તિયાઝ ઉર્ફે સકુ બાપુ મહમદ નુબીએ યુવતીને તેની માતાની સારવાર કરાવવી હોય તો દરગાહ પર જ રોકાવું પડશે તેમ જણાવ્યું હતું. યુવતી તૈયાર થતાં તેણે અવાર નવાર એકલતાનો લાભ ઉઠાવી તેને વાતોમાં ભોળવવાનો પ્રયાસ કરતો હતો. તેમજ તેને મારી પત્નીને સંતાન થતાં નથી, જેથી હું તારી સાથે લગ્ન કરીશ તેવી લાલચ આપી હતી. ઉપરાંત અવાર નવાર તેની પાસે જઇ તેને કોઇ પ્રકારનું પાણી પીવા માટે આપતો હતો. તેમજ અઠવાડિયે અઠવાડિયે તેની રૂમ પર જઇ તેની સાથે દુષ્કર્મ આચરતો હતો. તેમજ બાદમાં આ વાત બહાર જવી જોઇએ નહીં નહીંતર તારા પરીવારને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. જેના પગલે યુવતીએ રાજપારડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે રાજપારડી પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

**DATE: 04/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે બેઠક મળી

# ગણેશ મહોત્સવના પર્વને શાંતિપૂર્ણ રીતે ઉજવવા પોલીસની અપીલ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર હાંસોટ તાલુકામાં આગામી ગણેશ ચતુર્થી અને ગણેશ વિસર્જન શાંતિમય ભક્તિમય અને ભાઈચારાના વાતાવરણમાં સંપન્ન થાય તે માટે અંકલેશ્વર ના પ્રાંત અધિકારી ભવદીપસિંહ જાડેજા ,ડીવાયએસપી ડૉ.કુશલ ઓઝા .મામલતદાર કરણસિંહ રાજપૂતની અધ્યક્ષતા હેઠળ પ્રાંત કચેરી ના સભાખંડ ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી. સભ્યો સહીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ગણેશ ચતુર્થી અને ગણેશ વિસર્જન શાંતિપૂર્ણ મહેલ ઉજવાય તે માટે માર્ગદર્શન અને સૂચનો કરાયા.

**DATE: 04/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અત્યાર સુધીમાં 14 આરોપીની ધરપકડ

# વકફ બોર્ડની જમીન કૌભાંડમાં વધુ એક ટ્રસ્ટી પોલીસ સકંજામાં

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના જીતાલી અને કોસમડી ગામમાં વકફ બોર્ડની જમીન ખોટા દસ્તાવેજોના આધારે વેચી મારવાના કૌભાંડમાં રોજ નવા ફણગા ફૂટી રહયાં છે. અમદાવાદમાં વકફ બોર્ડની કચેરીની મહિલા કર્મચારીએ જ ખોટા દસ્તાવેજો બનાવવામાં મદદ કરી હોવાની ખુલાસો થતાં તેની પણ ધરપકડ કરવામાં આવી છે. જીતાલી અને કોસમડી ગામની સીમમાં વકફ બોર્ડ ની મિલકતની જમીન વેચાણ અને ભાડાં કરાર અંગેની મંજૂરી બાબતે ખોટા બનાવટી પત્ર બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરાયો હોવાની ફરિયાદ અંકલેશ્વર પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી. આ કેસની તપાસ દરમિયાન વધુ એક ટ્રસ્ટીની ધરપકડ કરવામાં આવી છે. જીતાલી ગામના ઈથાનાફળીયામાં રહેતા 78 વર્ષીય ઈસ્માઈલ પાંડોરની ધરપકડ કરી હતી. જીતાલી મસ્જિદ ટ્રસ્ટના ટ્રસ્ટી ની ધરપકડ સાથે 5 જેટલા ગુનામાં સરેરાશ એક ફરિયાદના પોલીસ 8 થી 9 વ્યક્તિની ધરપકડ અત્યાર સુધી કરી ચુકી છે.

**DATE: 04/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### કારચોરીનો ભેદ ઉકેલાયો

# ભરૂચ અને વડોદરામાંથી ત્રણ કારની ચોરી કરનાર ઝડપાયો

| ભરૂચ |

ભરૂચ એલસીબી પોલીસ એક જ રાત્રિના સમયે એક ઈકો કાર ભરૂચ સિટી પોલીસ સી.ડીવીઝન વિસ્તારમાંથી તેમજ એક આમોદ પોલીસ વિસ્તારમાંથી ઝડપી પાડી તેમજ એક ઈકો ગાડી વડોદરા વિસ્તારમાંથી ચોરી થઈ હતી જે ઝડપી પાડવામાં અને એક આરોપી પકડવામાં એલસીબી પોલીસને સફળતા પ્રાપ્ત થઈ હતી તેમજ રૂા.૪ લાખ કરતા વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

ગત તા.૧૮મીએ ભરૂચમાં ઝાડેશ્વરની કે.જી.એમ.સ્કુલ પાસેથી તથા આમોદ તાલુકાના સમની ગામેથી એક જ રાત્રીમાં બે ઈક્કો ગાડીની ચોરી થઈ હતી. એલસીબી પીએસઆઈ ડી. એ.તુવરની ટીમને બાતમી મળેલ કે, આ ચોરીઓમાં વડોદરાનો બદરૂદ્દીન ઉર્ફે અનવર સૈયદ સંડોવાયેલો છે. જેને આધારે તપાસમાં પોલીસને ઘરની બહારની બે ઈકો કાર મળી હતી.ઘરમાં તપાસ કરતા બદરૂદ્દીન સૈયદનો પુત્ર સફવાન મળી આવતા તેની સઘન પુછપરછ હાથ ધરતા જણાવ્યું હતું કે પોતાના પિતા ભરૂચ ગયેલા અને ૨ ઈકો ગાડી ચોરી કરી લાવેલા ત્યારબાદ તે જ રાત્રીએ ડેસર બાજુ ઈકો ગાડીની ચોરી કરવા ગયેલા અને ત્યાંથી એક ઈકો કાર ચોરી કરી લાવેલા. જે ઈકો કાર પણ બે દિવસ પછી બંન્ને ગોધરા વેચી હતી.

**DATE: 05/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### સુરતથી દહેજ કંપનીમાં લઈ જવાતા

# અંકલેશ્વરમાંથી કોલસા ચોરીના કૌભાંડમાં વધુ એક આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા. ૪

અંકલેશ્વર નેશનલ હાઈવેને અડીને આવેલ ગોડાઉનમાંથી ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે કોલસા ચોરીનું કૌભાંડ ઝડપી લીધુ હતુ.જેમાં અગાઉ ૭ આરોપીઓને અટકમાં લેવાયા હતા. હવે આ ગુનામાં વધુ એક આરોપીની ધડપકડ કરવામાં આવી હતી.

## પોલીસે કોલસો,ટ્રક સહિત કુલ રૂ. ૬૯.૨૩ લાખના મુદ્દામાલ સાથે અગાઉ ૭ આરોપીની ધરપકડ કરી હતી

સુરતના મગદલ્લા પોર્ટથી દહેજની જીએસીએલ કંપનીમાં આ કોલસો પહોંચાડવાનો હતો.

જોકે માર્ગમાં જ કોલસા માફિયાઓ ટ્રક ચાલકો સાથે સાંઠગાંઠ કરીને કોલસા ચોરીને અંજામ આપી રહ્યા હતા. પોલીસે જે સમયે તે કુલ રૂ.૬૯.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરીને ૭ આરોપીની ધરપકડ કરી હતી.આ ગુનામાં સંડોવાયેલા વધુ એક આરોપી દિનેશ પાટડીયાને પણ પોલીસે ઝડપી લીધો હતો.

અગાઉ પોલીસે ઘટના સ્થળ પરથી વજ્ર ભીમાભાઈ માલકિયા,ટ્રક ચાલક રાજેન્દ્ર શ્રીરામકાલુ સરોજ, ટ્રક ચાલક રોહિત લાલાભાઈ કટારા, ટ્રકનો ક્લીનર અજય કટારા, રઈશ અફસર અલી,શેરૂ રાયસીંગ અમલીયાર, અજમલ હુસેન રેશમ અલીની ધરપકડ કરી હતી.

**DATE: 05/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### ભરૂચ-દહેજ બાયપાસ રોડ ઉપર કોમ્પ્લેક્સના

# પાર્કિંગમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે ચાર શખ્સ ઝડપાયા:એક વોન્ટેડ

ભરૂચ તા.૪

ભરૂચની દહેજ બાયપાસ રોડ ઉપર આવેલા રંગ પ્લેટીનમ કોમ્પ્લેક્ષના પાર્કિંગમાંથી એલ.સી.બી. ની ટીમે પીકઅપમાંથી વિદેશી દારૂ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૬.૪૬ લાખના મુદ્દામાલ ચાર ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પિકઅપ ગાડી સહિત ૬.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત

ભરૂચની એલ.સી.બી.ની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી.તે દરમિયાન બાતમીના આધારે વિદેશી દારૂ ભરી એક પિકઅપ ગાડી દહેજ બાયપાસ રોડ ઉપર આવેલા રંગ પ્લેટીનમ કોમ્પલેક્સમાં આવનાર છે.આ માહિતીના આધારે ટીમ રંગ પ્લેટીનમ કોમ્પલેક્સ ખાતે વોચમાં ગોઠવાઈ ગઈ હતી.તે દરમિયાન પિકઅપ પાર્કિંગમાં આવતા તેને પાછળ ફાડકામાં તપાસતાં દારૂના બોક્ષ મળી આવ્યા હતાં.

પોલીસે પિકઅપ સાથે કરણ રબારી, અરૂણ ડોંગરે, ગુલઝાર અંસારી અને હર્ષ ઓઝરેને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮૦ મીલી ની બોટલ તથા બીયર ટીન મળી કુલ નંગ-૧૦૦૮ રૂ.૧,૦૦,૮૦૦ નો દારૂનો જથ્થો તથા એક અને ૪ મોબાઈલ મળી કુલ રૂ.૬,૪૬,૩૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી દારૂનો જથ્થો મોકલાનાર મહારાષ્ટ્રના સચિન નામના શખ્સને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 06/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### અંકલેશ્વર ફેમિલી કોર્ટ દ્વારા

## ભરણ પોષણની રકમ બાબતે સજા પામેલા નાસતા ફરતા આરોપીની ધરપકડ

અંકલેશ્વર તા. ૫

અંકલેશ્વર ફેમેલી કોર્ટ દ્વારા ભરણપોષણની રકમ આપવામાં કસુર થયેલ તેમજ સજા પામેલ નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી અંકલેશ્વર શહેર બી-ડીવીઝન પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અંકલેશ્વરના ગડખોલ પાટિયા વિસ્તારમાં આવેલ સિધ્ધેશ્વરી સોસાયટીમાં રહેતા રાજેશ રવીન્દ્રનાથ ઓઝાને અંકલેશ્વર ફેમેલી કોર્ટ દ્વારા ભરણપોષણની રકમ આપવામાં કસુર થવા બદલ ૨૧૦ દિવસની મુદત સુધીની સાદી કેદની સજા કરી હતી. પરંતુ આરોપી સજા બાદ નાસતો ફરતો હતો જે બાદ કોર્ટે તેની ધરપકડનો વોરંટ કાઢતા અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે તેની અટકાયત કરી હતી.

**DATE: 06/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

## સોશિયલ મીડિયા પર મૈત્રી બાદ અમદાવાદના શખ્સનું કરતૂત

# વાગરામાં પાર્લરમાં યુવતીને ગોંધી રાખનાર શખ્સને પોલીસે દબોચ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરામાં રહેતી એક યુવતિ ગામમાં રહેતાં વિશાલ ઈશ્વર સોનારે તેમની એક દુકાન એક યુવતિને ભાડેથી આપી હતી. જેમાં તે બ્યુટીપાર્લરનું કામ કરતી હતી. યુવતિને સોશિયલ મીડિયા પર અમદાવાદના દેત્રોજ ખાતે રહેતાં પ્રકાશ દશરથ ઓડ(મુળ રહે. સિદ્ધપુર, નવાવાસ) નામના યુવાન સાથે મૈત્રી થઈ હતી.જ્યાં તેણે યુવતીના ગળા પર ચપ્પુ રાખી ત્યાં અંદર જ ગોંધી રાખી હતી. તેઓ એકબીજાને મેસેજ કરતાં હતાં. ઉપરાંત વિડીયો કોલ કરતાં હતાં. દરમિયાનમાં યુવતિને તેની સાથે હવે મૈત્રી રાખવી ન હોવાથી તેને મેસેજ નહીં કરવા જણાવી દીધું હતું. જેના પગલે આજે પ્રકાશ વાગરા આવી પહોંચ્યો હતો. તે સીધો યુવતિના બ્યુટીપાર્લર પર પહોચી ગયો હતો. જ્યાં તેણે યુવતીના ગળા પર ચપ્પુ રાખી ત્યાં અંદર જ ગોંધી રાખી હતી. અરસામાં તક મળતાં યુવતિએ તેના દુકાનમાલિકને ઘટનાથી વાકેફ કરી પોલીસને સાથે લાવવા કહેતાં તેઓએ તુરંત વાગરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ અનિતાબા જાડેજાએ ટીમ સાથે ત્યાં પહોંચી યુવતિને છોડાવી આરોપીને ઝડપી પાડ્યો હતો.

**DATE: 06/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# નર્મદા મૈયા બ્રિજ પરથી ટેમ્પો હંકારી જનારો ડ્રાઈવર ઝડપી પડાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચના નર્મદા મૈયા બ્રિજ પરથી એસટી બસો સિવાયના ભારદારી વાહનોના પસાર થવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે તેમ છતાં રાત્રિના સમયે ભારદારી વાહનો પસાર થઈ જતાં હોય છે. આવા વાહનોના વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થતાં હોય છે. મંગળવારે રાતે અંકલેશ્વરથી ભરૂચ જતા માર્ગ ઉપર આઈસર ટેમ્પો ચાલક નર્મદામૈયા બ્રિજ ઉપરથી પસાર થતો હોવાનો વિડીયો વાયરલ થયો હતો જે વીડિયોના આધારે બી ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં મૂળ બિહાર ટેમ્પો ચાલક રામવીરસિંહ કુશવાહાને ઝડપી પાડ્યો હતો અને તેના વિરુદ્ધ જાહેરનામાના ભંગનો ગુનો નોંધી વિધિવત ધરપકડ કરી તપાસ આરંભી હતી.

### અત્યાર સુધીમાં 3 ગુનાની કબૂલાત કરી : બે આરોપી ફરાર

# અંકલેશ્વરમાં ચોરીની ત્રણ બાઈક સાથે એમપીની ટોળકીનો સાગરીત સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં વધી રહેલાં બાઈકચોરીના ગુના બાદ પોલીસે ગોઠવેલી વોચમાં મધ્યપ્રદેશનો વાહનચોર ઝડપાયો છે. જીઆઈડીસી પોલીસે જીઆઈડીસી ઓવરબ્રિજ પાસેથી બાઈક લઈને શંકાસ્પદ હાલતમાં પસાર થતાં યુવાનને અટકાવી તેની પાસે બાઈકના કાગળિયાની માગણી કરી હતી પણ તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો જેથી પોલીસની શંકા વધુ મજબુત



બની હતી. તેની પૂછપરછ કરવામાં આવતાં તેની ઓળખ મધ્યપ્રદેશના અલીરાજપુરના નરેશ તોમર તરીકે થઈ હતી.તેની પૂછપરછમાં મળેલી વિગતોના આધારે શહેરના યોગેશ્વર કોમ્પલેક્સ પાસે પાર્ક કરેલી ચોરીની વધુ બે બાઈક કબજે લેવામાં આવી હતી. અલીરાજપુરના કઠ્ઠિવાડાના મોટી બડોઈના રીતેન ઉર્ફે જીતેનઅને સુનિલ હોવાનીકબુલાત કરતા તેમને ઝડપી પાડવા કવાયત હાથ ધરવામાં આવી છે. આરોપીઓ બાઈકની ચોરી કેવી રીતે કરતાં હતાં અને બાઈકો કોને વેચતા હતાં તેની તપાસ ચાલી રહી હોવાનું પીઆઈ સગરે જણાવ્યું હતું.

**DATE: 07/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વર હાઈવે નજીક પતરાના શેડમાં જુગાર રમતા ત્રણ શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા. ૬

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે અંકલેશ્વર નજીક હાઈવે પર પતરાના શેડમાં ચાલતા જુગારના અડ્ડા પર દરોડા પાડી ત્રણ જુગારીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતા.

## પોલીસે કુલ રૂ.૬.૯૭ લાખનો મુદ્દામાલ કબજે લીધો

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચના સુત્રોને બાતમી મળી હતી કે અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર હોટલ એરોમા પાછળ ખેતરમાં પતરાના શેડ નીચે જુગારધામ ચાલી રહ્યુ છે.જેના આધારે પોલીસે દરોડા પાડયા હતા.આ દરમિયાન ત્રણ જુગારીઓ જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.પોલીસે સારંગપુરના મુકેશ વણઝારા, વિપુલ પટેલ અને પરેશ પટેલની અટકાયત કરી હતી જ્યારે અન્ય પાંચ જુગારીઓ ફરાર થઈ ગયા હતા.પોલીસે આરોપીઓ પાસેથી કાર, બાઈક અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૬.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 07/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ભરૂચના ખાણ-ખનીજના ગુનામાં 11 વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો



ભરૂચ: ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન બાતમી આધારે રેડ કરી, સી ડિવિઝનના ખાણ ખનીજ વિભાગના ગુનામાં છેલ્લાં 11 વર્ષથી વોન્ટેડ ડ્રાઈવર વિજય મોતીભાઈ પટેલ (ઉ.વ.46) (રહે.,સીહાવલ તા. આમલિયા. જિ-સિંધી, મધ્યપ્રદેશ)ને પકડી પાડ્યો હતો. આરોપીને સી ડિવિઝનમાં સોંપતાં તેની સામે સંલગ્ન કાર્યવાહી હાથ ધરાઈ છે.

**DATE: 07/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પાનોલી જીઆઇડીસીમાં બે કારમાંથી લેપટોપ સહિતના સામાનની ચોરી કરી હતી

# ગિલોલથી કારના બંધ કાચ તોડી તફડંચી કરતી નાયડુ ગેંગની બે મહિલા સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલીમાં ગત સપ્તાહે બે કારના કાચ તોડી 3.98 લાખની ચીલઝડપ માં નાયડુ ગેંગની બે મહિલા સભ્ય ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલ્યોહતો. બે કારના કાચ તોડીને તસ્કરો લેપટોપ, પેનડ્રાઈવ, હાર્ડડિસ્ક સહિતનો કિંમતી સામાન ઉઠાવી ફરાર થઇ ગયાં હતાં. અંકલેશ્વર તથા પાનોલીમાં કારના કાચ તોડવાના વધી રહેલાં બનાવો સંદર્ભમાં મોડસ ઓપરેન્ડીના આધારે પોલીસે મહારાષ્ટ્ર તરફથી નાયડુ ગેંગ પર વોચ ગોઠવી હતી. પાનોલીના શિવશક્તિ એપાર્ટમેન્ટમાં રહેતાં મુળ મહારાષ્ટ્રના કેટલાક રહીશોની શંકાસ્પદ હિલચાલ અને મોબાઈલ નંબરના આધારે મહત્વની કડી મળી હતી. પીએસઆઈ દેસાઇ તથા તેમની ટીમે મહારાષ્ટ્રનાનવાપુરા પહોંચી સ્થાનિક પોલીસ સાથે વાંકીપાડાથી મૈયા બાલુ નાયડુ અને પૂજા રજની નાયડુને ઝડપી પાડી હતી. તેમની પાસેથી રોકડા રૂપિયા 4,900, એક બાઈક અને બે મોબાઈલ અને કાચ તોડવાની ગીલોલ મળી આવી હતી. તેમની ઉલટ તપાસમાં કાર્તિક નાયડુ , આકાશ નાયડુ, સંજય નાયડુ અને ભરત નાયડુની સંડોવણી હોવાની કબૂલાત કરતા જ પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યા હતા. નવાપુરાથી તમામ ઈસમો તામિલનાડુમૂળ વતનમાં ભાગી છૂટ્યા હોવાનું સામે આવ્યું હતું.

### ભાડાના ઘર રાખી આખી ગેંગ વસવાટ કરતી હતી

તમિલનાડુછોડીને મહારાષ્ટ્રના નવાપુરા તાલુકા આવી વસવાટ કરી તેને બેઝ બનાવ્યો હતો. ત્યાંથી અલગ અલગ વિસ્તારમાં પહોંચી પ્રથમ ઘર ભાડે રાખી રહેતા હતા અને એક જ રૂમ માં 5થી આંખ ગેંગ રહેતી હતી

**DATE: 07/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ચંદ્રવાણ ગામના પાટિયા પાસે ગાડીમાંથી દારૂ સાથે ચાલક ઝડપાયો

નેત્રંગ. તા.૬

નેત્રંગ પોલીસ સ્ટેશનના પીએસઆઈ અને સ્ટાફ ગણેશ ચતુર્થીનો તહેવાર હોવાથી જેને લઈ નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા,૫ ગુરૂવારના રોજ પ્રોહિબિશન,જુગાર અંગેની વોચ તપાસમા હતા.

## કુલ રૂ. ૪૩ હજારનો જથ્થો જપ્ત, નેત્રંગના બૂટલેગરને વોન્ટેડ જાહેર કર્યો

બામતનીના આધારે નર્મદા જીલ્લા ના ડેડીયાપાડા તાલુકાના સામરપાડા ગામ તરફથી એક ગાડીમા વિદેશી દારૂનો જથ્થો ભરી નેત્રંગ તરફ આવી રહેલ છે.જે બાતમી આધારે બપોરના એક થી બેના સમય ગાળા દરમિયાન નેત્રંગ ડેડીયાપાડા રોડ પર ચંદ્રવાણ ગામના પાટીયા પાસે વોચ ગોઠવતા સામરપાડા તરફ થી આવી રહેલ ઈકો ગાડીના ચાલકને ગાડી સાઈડ પર ઉભી રખાવી તપાસ હાથ ધરી હતી.ગાડી માંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો તેમજ બિયર મળી કુલ ૪૩૯ બોટલ જેની રૂ.૪૩,૯૦૦/= ગાડી રૂ.૩,૦૦,૦૦૦ મોબાઈલ એક નંગ રૂ.૫૦૦૦ મળી કુલ્લે ૩,૪૮,૯૦૦ મુદામાલ સાથે ચાલક રાજેશ નટવર પરસોતમ વસાવા રહે,મંદિર ફળીયુ હરીપરા તા,ઝઘડીયા ઝડપી લીધો હતા.નેત્રંગ - રાજપારડી રોડ પર આવેલ નવીવસાહત નેત્રંગ ખાતે રહેતો બુટલેગર મોહન કિશન વસાવાને વોન્ટેડ જાહેર કરી તેને તેમજ વિદેશી દારૂ આપનાર બુટલેગર ને ઝડપી પાડવા પોલીસે કવાયત હાથ ધરી છે.

**DATE: 07/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ભરૂચમાં ગણેશ મહોત્સવના આયોજનની બેઠક મળી

ભરૂચ તા.૬

આગામી ગણેશ મહોત્સવમાં સુચારુ આયોજન અંગે ભરૂચ જિલ્લા પોલીસ વડાની અધ્યક્ષતામાં ગણેશ મંડળોના પ્રતિનિધિઓ સાથે બેઠક મળી હતી.

આગામી ગણેશ મહોત્સવની ઉજવણી શાંતિ પૂર્ણ માહોલમાં થાય તે માટેની ચર્ચા વિચારણા કરવા તેમજ ગણેશ સ્થાપનથી વિસર્જન દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી થાય તેમજ શાંતિપૂર્ણ મહોલમાં સમગ્ર ઉજવણી સંપન્ન થાય તેમાં જિલ્લા પોલીસ વડાની કચેરીના સભાખંડ ખાતે ભરુચ એસ.પીની અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કરાયું હતું.જેમાં ભરુચના વિવિધ ગણેશ મંડળના હોદ્દેદારો તેમજ અગ્રણીઓએ ઉપસ્થિત રહી શોભાયાત્રા,વિસર્જન,રસ્તા,લાઈટિંગ સહિતના મુદ્દે રજૂઆત કરી હતી.

જેમાં ભરુચથી ભાડભૂત સુધીના તમામ રસ્તા સારી રીતે રીપેરીંગ કરવામાં આવશે.જેથી કોઈની ધાર્મિક લાગણી ના દુભાય,તે ઉપરાંત ભાડભૂત રોડ પર લાઈટ અને મોબાઈલ ટોયલેટ ની વ્યવસ્થા કરવા સહિતની વિવિધ વ્યવસ્થા કરવા સૂચન કરાયા હતા.પોલીસ દ્વારા પણ ગણેશ પંડાલોમાં નશો કરી કોઈ નહી આવશે,તેની જવાબદારી ગણેશ આયોજકોની રહેશે,તેમ જણાવી જો આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

DATE: 08/09/2024 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-07

# વક્ફ જમીન કૌભાંડમાં કાપોદ્રાના ઈસ્માઈલ પાંડોરની ધરપકડ



ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વરના જીતાલી અને કોસમડીની વક્ફ જમીનોમાં વેચાણ તેમજ ભાડા કરાર બાબતે ખોટા દસ્તાવેજોના આધારે વક્ફ જમીનો વેચી રાતોરાત રૂપિયાવાળા થવાના કૌભાંડમાં દિનપ્રતિદિન નવા નવા ફણગા ફૂટી રહ્યા છે. ત્યારે પૂર્વ ટ્રસ્ટી ઈસ્માઇલ પાંડોર મૂળ કાપોદ્રા ગામના વતની અને ઝામ્બીયાથી પરિવાર સાથે ભારત આવતા હતા. એ વેળા અંકલેશ્વર બી ડિવિઝન પોલીસમાં પાંચ જેટલા ગુનામાં સંકળાયેલા હોવાથી મુંબઈ એરપોર્ટ પરથી ઝડપી પાડ્યા હતા. પોલીસે અંકલેશ્વર કોર્ટમાં આરોપીને રજૂ કરી 2 દિવસનાં રિમાન્ડ મંજૂર મેળવ્યાં હતાં.


